## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન... હવે રીલેક્ષ થઇ જાવ... જાણકારો કહે છે... મોંઘવારી તો હવે આવવાની છે....!! એનો મતલબ અત્યારે... સોંઘવારી જ છે.






**ઋત્વિક રોશન ગાંધીનગરમાં :** બાપુ નૉલેજ વિલેજ ખાતે બોલીવુડના જાણીતા કલાકાર ઋત્વિક રોશને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે શંકરસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા સહિત સંસ્થાના પદાધિકારીઓ, અધ્યાપકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભારતની પ્રાચીન સંસ્કૃતિ આધારિત મોંહે જો દડો ફિલ્મના પ્રમોશન માટે અભિનતા ઋત્વિક રોશન ગાંધીનગર સ્થિત બાપુ કોલેજમાં ફિલ્મના અન્ય સ્ટાર કાસ્ટ સાથે આવ્યો હતો. કોલેજમાં ઉપસ્થિત યુવા વર્ગ સાથે ઋત્વિક રોશને રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. પોતાના માનીતા અભિનેતાને જોઈ-મળીને યુવા વર્ગ હિલોળે ચઢયું હતું. મોડેથી મળતી માહિતી મુજબ ઋત્વિક રોશનના કાફલાના વિધાનસભા પાસે નજીવો અકસ્માત સર્જાયો હતો. જોકે કોઈ ઈજા કે નુકસાનના અહેવાલ નથી.

# મુખ્યમંત્રી અને મંત્રીમંડળને શુભેચ્છા આપવા માટે શહેરમાં ફુલો ખુટી પડ્યા

ગાંધીનગર, તા.૯

આજે ગાંધીનગર શહેરમાં આવેલી તમામ ફુલોની દુકાનોમાં ફુલો ખુટી પડ્યા હતા. સમગ્ર રાજયભરમાંથી હજ્જારો કાર્યકર્તાઓ ગાંધીનગર ખાતે નવા મુખ્યમંત્રી વિજય રૂપાણી અને તેમના મંત્રી મંડળને શુભેચ્છા પાઠવવા માટે ઉમટી પડ્યા હતા. સ્વર્ણીમ સંકુલ ખાતે સવારથી સાંજ સુધી સગા-સ્નેહીજનો, મિત્રો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આવતા ભારે ભીડ જામી હતી. નવા મંત્રી મંડળ અને મુખ્યમંત્રીને અંદાજે ૧૦ હજારથી વધુ નાગરીકોએ શુભેચ્છા પાઠવી હતી. ગાંધીનગર શહેરના વિવિધ સ્થળો પર આવેલ ફુલોની દુકાનમાં આજે ફુલો ખુટી પડ્યા હતા. સ્વર્ણીમ સંકુલમાં તેમજ સચિવાલયમાં આજે ફુલોની મહેકથી મહેકી ઉઠ્યું હતું.

**સ્વર્ણીમ સંકુલ ખાતે અંદાજે ૧૦ હજારથી વધુ કાર્યકર્તાઓએ શુભેચ્છા પાઠવી**



ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી સતત મુલાકાતીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. રવિવારના રોજ બપોર પછીથી સતત અત્યાર સુધી મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ તેઓની ટીમને શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે. ગાંધીનગરમાં મુલાકાતીઓને પગલે ચહલ પહલ વધી જવા પામી છે. સ્વર્ણીમ સંકુલ ખાતે મંત્રી મંડળના સભ્યોને ફુલોના હાર તેમજ અવનવા બુકે સાથે શુભેચ્છા આપવા મુલાકાતીઓને લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે. મુલાકાતીઓ ગાંધીનગર આવીને બુકે તેમજ હાર ખરીદતા હોવાથી શહેરમાં આવેલ ફુલોની તમામ દુકાનોમાં ફુલો ખુટી પડ્યા હતા. કેટલાક મુલાકાતીઓને અમદાવાદ સુધી લાંબા થવુ પડ્યું હતું. જયારે શહેરના વેપારીઓના કહેવા મુજબ વધુ ફુલો લાવ્યા હોવા છતા ફુલો ખુટી પડ્યા હતા. જયારે આગામી બે ત્રણ દિવસ હજુ પણ મુલાકાતીઓનો ધસારો રહેવાના હોવાના સંજોગોને પગલે ફુલોના વેપારીઓને ધંધામાં તેજી જોવા મળી રહી છે. સામાન્ય દિવસોમાં દુકાનોમાં તેમજ લારીઓમાં ફુલો લઈને સવારથી સાંજ સુધી વેપારઅર્થે બેસતા વેપારીઓ બપોર સુધીમાં ફ્રી થઈ જાય છે. ત્યારે આજે સ્વર્ણીમ સંકુલમાં દસ હજારથી વધુ મુલાકાતીઓ આવ્યા હોવાથી સમગ્ર સ્વર્ણીમ સંકુલ ખાતે ફુલોની સુંગધ પ્રસરી જવા પામી હતી.

# ગાંધીનગર ડેપોનો ડિઝલ પંપ ઓટોમેટીક બનશે

ગાંધીનગર તા.૯

ગાંધીનગર ડેપોમાં ડિઝલ પંપનુ ઓટો સિસ્ટમથી કાર્યરત થશે પંપને ઓટોમેટીક કાર્યરત કરવાનો નિર્ણય લેવાતા ડિઝલની બચત થશે જયારે ડિઝલના ઉપયોગ મામલે પણ વધુ પારદર્શકતા જળવાશે જેના લીધે ડેપોને આર્થિક ફાયદો પણ થશે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની કાર્યયોજના અન્વયે તબક્કાવાર ડેપો સંકુલમાં વિવિધ સેવાઓનુ અપગ્રેડેશન કરવામાં આવી રહયુ છે.હાલના સમયમાં સલામત સવારીમાં પ્રતિદિન ૭ હજાર લીટર ડિઝલનો વપરાશ થાય છે.

ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ ,બરોડાની જેમ અન્ય ૧૬ બસ ડેપોને મોડેલ ડેપો બનાવવાની કાર્યયોજન તૈયાર થઈ રહી છે.

**પ્રતિદિન ૭ હજાર લીટર ડિઝલનો વપરાશ પંપના અપગ્રેડેશન બાદ ડિઝલનો બગાડ અટકશે : ડ્રાઈવર કંડકટરનુ કામ સરળ બનશે : ડેપોને આર્થિક ફાયદો થશે**

ત્યારે ગાંધીનગર ડેપોનો પણ મોડેલ ડેપોમાં સમાવેશ થાય તેવી પ્રબળ સંભાવના છે.ગાંધીનગર ડેપોમાં તબક્કાવાર વિવિધ કાર્યયોજના હાથ ધરાતા ડેપો મોડલે બનવાની દિશામાં હોવાનુ મનાઈ રહયુ છે. જેના ભાગરૂપે ટુંકમાં જ ડેપો સંકુલમાં સ્થિત ડિઝલ પંપ પણ ઓટોમાઈસેશન કરી દેવાશે જેના પરિણામે એસ ટી ની સલામત સવારીમાં ડિઝલ પુરવાની કામગીરી વધુ સરળ અને પારદર્શક બનશે. ગાંધીનગર ડેપો દ્વારા અંદાજિત ૧૫૦ જેટલી શહેરી બસ સેવાના રૂટનુ સંચાલન કરવામાં આવે છે. જયારે સી એન જી બસો દુર કરી તબક્કાવાર તમામ બસો ડિઝલમાં દોડતી કરી દેવાઈ છે. ત્યારે એસ ટી ડેપોની બસોમાં ડિઝલનો વપરાશ પણ વિશેષ છે.

હાલના દિવસોમાં એક અંદાજ મુજબ રોજનુ ૭ હજાર ડિઝલ વપરાશ થાય છે. ત્યારે ડેપોમાં સ્થિત પંપને ઓટોમેટીક કરવાની કાર્યયાજનાથી ડિઝલના વપરાશમાં વધુ પારદર્શકતા આવશે જયારે ડિઝલનો બગાડ પણ નહીં થાય એસ ટી ડેપોના વિભાગીય નિયામક એ કે પરમારે જણાંવ્યુ હતુ કે આગામી બે મહીનામાં ડેપોના ડિઝલ પંપને ઓટોમેટીક કરી દેવાશે આ માટે કંપનીને કામ સોંપવામાં આવશે.



## આઈ એન આઈ એફ ડીમાં વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય વર્કશોપાનો પ્રારંભ

ગાંધીનગરમાં ઈન્ફોસિટી સ્થિત આઈ એન આઈ એફ ડી સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને ગ્રાફિકસ ડિઝાઈનીંગ તેમજ નકારાત્મક અને હકારાત્મક ટેકસટાઈલ પ્રિન્ટીંગ વિશે માર્ગદર્શન આપવામાં આવશે આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને ટેકસટાઈલ ડિઝાઈનર સુમન સેન ગુપ્તા માર્ગદર્શન આપશે ડિઝાઈનર તરીકે તેમણે બેડશીટ,ટોવેલ, સહીતની પ્રોડકટસમાં ડિઝાઈન વર્ક કરે છે. તેઓ હાલ વિવિધ કોલેજોમાં વિદ્યાર્થીઓને ફેશન મેનેજમેન્ટ ટેકસટાઈલ અંગે વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. ઈન્ફોસિટી સ્થિત આઈ એન આઈ એફ ડી સેન્ટરના સંચાલક વિશાલ મકવાણાએ જણાંવ્યુ હતુ કે ત્રિદિવસીય સેમિનાર દરમિયાન વિદ્યાર્થીઓને ડિઝાઈનીંગ ક્ષેત્રના અનુભવનો લાભ મળશે.

## સે-૧૬ પાસેથી ચોરાયેલા એકટીવા સાથે શેરથાથી એક શખ્સ પકડાયો

**પંજાબ નેશનલ બેંક નજીકથી એકટીવા ચોરી કર્યું હતું**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક શેરથા વિસ્તારમાંથી અડાલજ પોલીસે ચોરીના એકટીવા સાથે એક શખ્સને પકડી પાડયો છે. શેરથા ગામમાં રહેતા આ શખ્સને પકડીને તેની પાસેથી મળેલા એકટીવા અંગે સઘન પુછપરછ કરતાં તેણે ચાલુ વર્ષમાં જ શહેરના સે-૧૬ ખાતે આવેલી પંજાબ નેશનલ બેંક સામેથી એકટીવા ચોર્યું હોવાની કબુલાત કરી છે. અડાલજ પોલીસે આરોપી સે-૨૧ પોલીસ મથકને સોંપ્યો છે.

અડાલજ પી.આઈ. કે.કે. પંડયાની સુચનાથી તેમની ટીમના એએસઆઈ કાનજીભાઈ, હેડ કોન્સ્ટેબલ અમરતભાઈ, કોન્સ્ટેબલ ભરતસિંહ, પદમસિંહ અને એલ.આર. જયરાજસિંહ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીને આધારે શેરથાના લીમડાવાળા વાસમાં રહેતા અશોક મગન પટેલને જીજે ૧૮ એલ ૫૬૨૯ નંબરના એકટીવા સાથે પકડી એકટીવા અંગે પુછપરછ કરી હતી. સઘન પુછપરછમાં આ શખ્સે સે-૧૬ પંજાબ નેશનલ બેંક નજીકથી એકટીવા ચોરી કર્યુ હોવાની કબુલાત કરી છે. ચોરીના મુદ્દામાલ સાથે અડાલજ પોલીસની ટીમે અશોક પટેલની ધરપકડ કરી સે-૨૧ પોલીસને સોંપ્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● વિધાનસભાના સેકશન અધિકારી હિમાંશુ જાનીનું આજે હૃદયરોગના હુમલાથી થયેલા દુઃખદ અવસાનને પગલે વિધાનસભા સચિવાલયમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

● રાજયના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીનો આજે જન્મદિવસ હતો. જન્મદિવસે રકતદાન કેમ્પનું આયોજન રાજભવન ખાતે કરવામાં આવ્યું હતું.

● રાજયપાલશ્રીના જન્મદિવસે આજે કાર્યકારી અધ્યક્ષ પરબતભાઈ પટેલ, મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના મહાનુભાવોએ રાજયપાલશ્રીને મળી શુભેચ્છા પાઠવી હતી.

● આજે સવારે ગાંધીનગર કલોલમાં એક ઈંચ વરસાદ પડતાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે.

● જિલ્લા હેલ્થ મિશનની એકઝીક્યુટીવ કમિટીની બેઠક જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે મળી હતી.

● જિલ્લા પંચાયતના કોંગ્રેસના સભ્યોની આજે ડિનર ડિપ્લોમસી બેઠક થઈ હતી.

● સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં સંસદીય સચિવોની શપથવિધિ પહેલા દંડક પંકજ દેસાઈએ સુરક્ષા અભિયાનની જવાબદારી સંભાળી અને પોલીસના ઉચ્ચ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી સમર્થકોની ભીડને નિયંત્રિત કરાઈ.

## શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સન્માન સમારોહ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વ. શ્રી રાજીવ ગાંધી ઉદય સન્માન નિમિત્તે વર્ષ ૨૦૧૬ની વાર્ષિક પરિક્ષામાં આર્ટસ, સાયન્સ, કોમર્સ કોલેજના ત્રણ ટોપર્સ તેજસ્વી તારલાઓ તથા સંગીત, રમત ગમત તથા અન્ય ક્ષેત્રે તેજસ્વી કારકીર્દી મેળવી હોય તેવી પ્રતિભાઓને સન્માનવાના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી તા. ૨૦ ઓગષ્ટને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સે-૧૨ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. ગાંધીનગરમાં રહેતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ એક આવેદનપત્રમાં નામ, સરનામું, મેળવેલ ગુણ, પ્રમાણિત કરેલ પ્રમાણપત્ર ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ કાર્યાલય સે-૨૨ ખાતે ૧૫ ઓગષ્ટ સુધીમાં જમા કરાવવાનું રહેશે.

# પાણી ગટર વેરાના બાકીદારોને આગામી સપ્તાહમાં નોટીસ અપાશે

ગાંધીનગર તા ૯

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત મામલે નબળુ ચિત્ર ઉપસી આવ્યુ છે. પાણી ગટર વેરાની વસુલાત માટે દરવર્ષે હાથ ધરાતી ઝુંબેશના અંતે પણ બાકી માંગણા સામે માત્ર ૫૦ ટકા જ વસુલાત થતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. વસુલાતની નબળી કામગીરીના અંતે તંત્ર દ્વારા હવે બાકીદારોની યાદી તૈયાર કરી આગામી સપ્તાહથી નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાશે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે પ્રતિવર્ષ માર્ચ મહીનામાં એડવાન્સ વસલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ગત માર્ચ મહીના દરમિયાન તંત્ર દ્વારા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં બાકી માંગણા સામે માત્ર ૫૦ ટકા વસુલાત પણ માંડ થઈ છે. જયારે જુના બાકી માંગણા સાથે વસુલાતમાં તંત્રના ચોપડે મોટી ઉધારી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં પાણી ગટર વેરાના જોડાણકર્તાઓ પાસેથી યોગ્ય વેરો વસુલવા માટે તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવે છે. સુત્રોના જણાંવ્યા મુજબ વેરો ભરાપાઈ ન કરનારા જોડાણકર્તાઓને નોટીસ આપવા માટે તંત્ર દ્વારા બાકીદારોની યાદી તૈયાર કરી દેવાઈ છે. આગામી સપ્તાહમાં નોટીસ આપી વેરો વસુલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## સે. ૭-ડી નિવૃત્ત અધિકારી મંડળની કારોબારી બેઠક યોજાઈ

સેકટર-૭-ડી શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળની કારોબારીની સંયુક્ત બેઠક રવિવારે યોજાઈ હતી. જયંતિભાઈ ભટ્ટે જણાવ્યું કે ચાલુ માસની ૨૧મીએ યોજાનાર સામાન્ય સભામાં તેજસ્વી તારલાઓનું તથા ૭૫ વર્ષ પુરા કરનાર પાંચ નિવૃત્ત વડીલોનું અમૃત મહોત્સવ નિમિત્તે સન્માન કરવા ચર્ચા વિચારણા કરી નક્કી કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજનામાં માણસામાં સૌથી સારી કામગીરી

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ બીપીએલ ૦ થી ૨૦ ક્રમાંકના કુટુંબો માટે રૂ. ૩૦,૦૦૦નો વીમો આપવામાં આવે છે. ૨૦૧૩માં કુટુંબોનું એનરોલ્ડમેન્ટસ કરવામાં આવેલ પરંતુ ઘણા કુટુંબો એનરોલ્ડમેન્ટસમાં બાકી રહી ગયેલ. રાજ્ય સરકાર દ્વારા બાકી રહી ગયેલા કુટુંબો માટે જિલ્લામાં ગામેગામ સ્થળ પર એનરોલ્ડમેન્ટ કરી કાર્ડ આપવા નિર્ધાર કરેલ તે મુજબ ગાંધીનગર જિલ્લામાં ૮ કીટ સ્માર્ટ આઈટી દ્વારા ફાળવવામાં આવેલ. દરેક તાલુકામાં તાલુકા હેલ્થ ઓફીસર અને મેડીકલ ઓફીસર દ્વારા પ્લાનીંગ કરી એનરોલ્ડમેન્ટસની કામગીરી પુર્ણ કરવામાં આવી. આ સાથે દહેગામ તાલુકામાં કુલ ૯૬૦૩ સામે ૧૧૭૬ કુલ ૧૨ ટકા ગાંધીનગર તાલુકામાં કુલ ૬૮૨૪ સામે ૮૬૫ કુલ ૧૩ ટકા કલોલ તાલુકામાં કુલ ૬૩૭૨ સામે ૧૦૩૩ કુલ ૧૬ ટકા કામગીરી થયેલ છે. જેમાં માણસા તાલુકામાં કુલ ૭૮૦૯ સામે ૩૮૨૯ કુલ ૪૯ ટકા સાથે અગ્રેસર રહેલ છે. માણસા તાલુકાના ધારાસભ્ય અમિતભાઈ ચૌધરીએ આ માટે અંગત રસ દાખવીને એનરોલ્ડમેન્ટસ વખતે હાજર રહી લાભાર્થી દ્વારા ચુકવવા પડતાં રૂ. ૩૦ તેમને માફ કરાયેલ અને તે કુટુંબ દીઠ રૂ. ૩૦ની પ્રોસેસ ફી તેમને પોતે ચુકવેલ. આમ માણસા તાલુકાના કુલ ૩૮૨૯ એનરોલ્ડમેન્ટ માટે તેમને રૂ. ૧,૧૪,૭૮૦ પોતાના ચુકવેલ છે. આરએસબીવાય સ્કીમમાં ભારત સરકાર દ્વારા ફેરફાર કરી કુટુંબમાં સીનીયર સીટીઝન માટે અલગ ૩૦ હજારની રકમ જોગવાઈ કરેલ છે.

# શ્રાવણ માસે શહેરમાં જામ્યો ધાર્મિક મહોલ

**ઠેર ઠેર શિવમહિમ્ન સ્ત્રોત, સુંદરકાંડના પાઠ, કથા વગેરેના આયોજનો : મહિલાઓ દ્વારા બપોરે અને મોડી રાત્રી સુધી ભજન-કિર્તન કરાય છે**







ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના પવિત્ર શ્રાવણ માસના કારણે શહેરમાં ધાર્મિક આસ્થાનો માહોલ છવાઈ રહ્યો છે. શહેરના મંદિરો, ધાર્મિક સ્થળો ઉપરાંત રહેણાંક વિસ્તારોમાં પણ મોડી રાત્રી સુધી મહિલાઓ ભજન-કિર્તન કરતી જોવા મળી રહી છે. આ ઉપરાંત સોસાયટીઓમાં શિવમહિમ્ન સ્ત્રોત, સુંદરકાંડ તથા કથાવાંચન વગેરેના આયોજનો પણ કરાઈ રહ્યાં છે.

શ્રાવણ માસના પ્રારંભ સાથે જ શહેરના રહીશો શ્રદ્ધા અને ભક્તિભાવમાં ગળાડૂબ થઈ ધાર્મિક આયોજનો યોજવામાં અગ્રેસર જણાઈ રહ્યા છે. સેક્ટરોમાં લગભગ દરેક સોસાયટીમાં શ્રાવણ માસ નિમિત્તે ભજન-કિર્તન, શિવમહિમ્ન સ્ત્રોતના પાઠ તથા સુંદરકાંડના પાઠ જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ઉપરાંત ન્યુ ગાંધીનગરના વિસ્તારોની અને ગુડા વિસ્તાર જેવા કે વાવોલ, સરગાસણ ચાર રસ્તા વગેરે વિસ્તારની સોસાયટીઓમાં પણ ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. બપોરના સમયે સોસાયટીની મહિલાઓ ઘરકામ નિપટાવ્યા બાદ એકત્ર થઈ ભજન-કિર્તન કરે છે. આ ઉપરાંત લગભગ દરેક સોસાયટીના કોમન પ્લોટ કે ગાર્ડનમાં પણ રાત્રે વાળુ પત્યા બાદ મોડી રાત્રી સુધી આ મહિલાઓ નિયમિત ભજન-કિર્તન કરતી જોવા મળી રહી છે. જેના કારણે રહેણાંક વિસ્તારોમાં સતત ભક્તિભાવનો માહોલ સર્જાઈ રહ્યો છે. આ સાથે વિવિધ સોસાયટીઓ ધાર્મિક સ્ત્રોત, પાઠ, અને કથા વગેરેનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. રહેણાંક વિસ્તારોના મંદિરોમાં આરતી તથા હિંડોળા અને અન્ય ધાર્મિક કાર્યક્રમો જેવા કે સંતવાણી, ભજન-કિર્તનમાં ભાવિક ભક્તોની ભીડ ઉમટી રહી છે.


**Announcement of Name Change**

I have changed my name from Dharmarajsinh Ajitsinh Chavda to Dharamrajsinh Ajitsinh Chavda.

B-10, Rudraksh Bungalows, Opp. Urjanagar-2, Randesan, Gandhinagar-382007



**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**જાહેર જનતા જોગ વિજ્ઞપ્તિ**

**કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાધકામ વિભાગ, ગાંધીનગર**

હાલમાં ચોમાસાના કારણે નર્મદા કેનાલમાં નવા પાણીની આવક વધેલ હોઈ ગાંધીનગર જીલ્લાના જુથ પાણી પુરવઠા યોજના આધારીત પાણી મેળવતા ગામોમાં પાણીના જથ્થામાં ડહોળાશ રહેવાની સંભાવના છે. આથી ગાંધીનગર જીલ્લાના તમામ ગામોમા તેમજ ગાંધીનગર શહેર, કલોલ, દહેગામ, માણસા તથા વિજાપુર શહેરમાં પીવાના પાણીમાં ડહોળાશ રહેવાની સંભવના હોવાથી પીવાના પાણી બાબતે નીચેના મુદાઓ ધ્યાનમાં લેવા નમ્ર વિનંતી.

(૧) જરૂર જણાએ પાણીમાં ફટકડી નાખી ઉકાળીને ત્યાર બાદ ગાળીને પીવુ.

(૨) ચોમાસા દરમ્યાન પાણીના જથ્થા મુજબ જરૂરી માત્રા કલોરીનની ટીકડી નાખી પીવુ જોઈએ.

(૩) ગામના સંપમાં પંચાયત દ્વારા કલોરીનેશનની માત્રા વધારવી તેમજ સંપની આજુબાજુ ગંદા પાણીનો નિકાલ કરવો. તેમજ ગ્રામ પંચાયતના અંદરના ફળીયાઓમાં લીકેજ રીપેરીંગ સત્વરે કરાવવા.

(૪) બાળકોના આરોગ્યને ધ્યાને લઈ સ્કુલ અને આંગણવાડીમાં પંચાયત દ્વારા કલોરીન યુક્ત પાણી નિયમીત વિતરણ કરવુ .

(૫) વધુ માહિતી માટે ગાંધીનગર જીલ્લાનો કંટ્રોલ રૂમના ટે. નં ૦૭૯-૨૩૨૨૦૮૫૯ નો સંપર્ક કરવો.

માહિતી/૧૨૨૦/૧૬-૧૭